# રાજયમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ

## છવ્વીસે-છવ્વીસ બેઠક ઉપર ભાજપ કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે સીધો જંગ ખેલાશે : સુરત-બનાસકાંઠામાં ઉમેદવારી પત્રો ભરવા સમયે થયેલ ઘર્ષણ આગામી દિવસોના સંકેત આપે છે : જ્ઞાતિ સમાજના સમીકરણો ઉમેદવારની પસંદગીમાં બન્ને પક્ષે દેખાય છે

ગાંધીનગર, તા. ૪

રાજ્યમાં ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિને ઉમેદવારી પત્રો ભરવામાં ભારે ઘસારો સર્જાયો હતો. સુરત અને પાલનપુરમાં બન્ને પક્ષોના કાર્યકરો વચ્ચે ઘર્ષણ પણ થયું હતું. રાજ્યની ૨૬ બેઠકોમાં એક-બે બેઠકો સિવાય તમામે બેઠકો ઉપર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધો જંગ ખેલાશે. ભરૂચની બેઠક ઉપર બીટીપીના છોટુભાઈ વસાવા અને સુરેન્દ્રનગરમાં અપક્ષ ઉમેદવાર લાલજી મેર કદાચ થોડો દેખાવ કરી શકે તેવી શક્યતા નકારી શકાય તેમ નથી પરંતુ સમગ્રતયા ૨૬ બેઠકો પર જંગ સીધો ખેલાશે. ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં ભાજપે છવ્વીસે છવ્વીસ બેઠકો મેળવી સપાટો બોલાવ્યો હતો. પરંતુ ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે નોંધપાત્ર દેખાવ કરીને બરાબરીનો મુકાબલો કર્યો હતો. વિધાનસભામાં ૭૫ બેઠકો મેળવી કેટલાય રાજકીય સમીકરણો અને ૨૦૧૪ના પરિણામોના આંકડા ફેરફારો કરવાની ક્ષમતા ઉભી કરી હતી. એટલે એમ ચોક્કસ કહી શકાય કે ૨૦૧૪ની તુલનામાં કોંગ્રેસ એટલી નબળી નથી અને ૨૦૧૪ની જેમ ભાજપ એટલો સબળ નથી. એક જ વાક્યમાં કહેવું હોય તો ૨૦૧૯ની ચૂંટણી ૨૦૧૪ જેવી નથી. જંગ સીધો છે, રસપ્રદ છે અને ખરાખરીનો છે.

બન્ને પક્ષો ભલે સુફીયાણી વાતો કરે પણ બન્ને પક્ષોના ઉમેદવારોની પસંદગીમાં જ્ઞાતિ સમાજના ચોકઠા ગોઠવાયેલા છે. હાર-જીતના લેખાજોખા સમાજોના તડ-જોડના પરિણામે ઉભા થયા છે. ભારતીય જનતા પક્ષે વર્તમાન ૧૦ સાંસદોની ટીકીટ કાપીને સક્રિયતાનો સંદેશ આપ્યો છે. સાથોસાથ ચાર ધારાસભ્યોને મેદાનમાં ઉતાર્યા છે. તો સામે પક્ષે કોંગ્રેસે પણ પોતાના આઠ ધારાસભ્યોને મેદાનમાં ઉતારવાની ફરજ પડી છે. મહિલાઓને ટિકિટ આપવામાં કોંગ્રેસ ઉણી ઉતરી છે, જ્યારે ભાજપે ૨૦૧૪ કરતાં વધુ ત્રણ મહિલાઓને ટીકીટ આપી મહિલા મતદારોને આકર્ષવાનો ભરપુર પ્રયાસ કર્યો છે. ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે ૨૬ બેઠકો પર ચિત્ર સ્પષ્ટ બન્યું છે.

### કોણ કોની સામે જંગમાં

| ક્રમ | બેઠકનું નામ | ભાજપ | કોંગ્રેસ |
|---|---|---|---|
| ૧ | કચ્છ | વિનોદ ચાવડા | નરેશ મહેશ્વરી |
| ૨ | બનાસકાંઠા | પરબત પટેલ | પરથી ભટોળ |
| ૩ | પાટણ | ભરતસિંહ ડાભી | જગદિશ ઠાકોર |
| ૪ | મહેસાણા | શારદાબેન પટેલ | એ.જે. પટેલ |
| ૫ | સાબરકાંઠા | દિપસિંહ રાઠોડ | રાજેન્દ્ર ઠાકોર |
| ૬ | ગાંધીનગર | અમિત શાહ | ડૉ. સી.જે. ચાવડા |
| ૭ | અમદાવાદ પૂર્વ | એચ.એસ. પટેલ | ગીતાબેન પટેલ |
| ૮ | અમદાવાદ પશ્ચિમ | ડૉ. કિરીટ સોલંકી | રાજુ પરમાર |
| ૯ | સુરેન્દ્રનગર | ડૉ. મહેન્દ્ર મુંજપરા | સોમા ગાંડા પટેલ |
| ૧૦ | રાજકોટ | મોહન કુંડારીયા | લલિત કગથરા |
| ૧૧ | પોરબંદર | રમેશ ધડુક | લલિત વસોયા |
| ૧૨ | જામનગર | પુનમ માડમ | મુળુ કંડોરીયા |
| ૧૩ | જૂનાગઢ | રાજેશ ચુડાસમા | પુંજા વંશ |
| ૧૪ | અમરેલી | નારણ કછડીયા | પરેશ ધાનાણી |
| ૧૫ | ભાવનગર | ડૉ. ભારતી શિયાળ | મનહર પટેલ |
| ૧૬ | આણંદ | મિતેશ પટેલ(બકાભાઈ) | ભરતસિંહ સોલંકી |
| ૧૭ | ખેડા | દેવુસિંહ ચૌહાણ | બિમલ શાહ |
| ૧૮ | પંચમહાલ | રતનસિંહ રાઠોડ | વી.કે. ખાંટ |
| ૧૯ | દાહોદ | જશવંતસિંહ ભાભોર | બાબુ કટારા |
| ૨૦ | વડોદરા | રંજનબેન ભટ્ટ | પ્રશાંત પટેલ |
| ૨૧ | છોટાઉદેપુર | ગીતાબેન રાઠવા | રણજીતસિંહ રાઠવા |
| ૨૨ | ભરૂચ | મનસુખ વસાવા | શેરખાન પઠાણ |
| ૨૩ | બારડોલી | પ્રભુ વસાવા | ડૉ. તુષાર ચૌધરી |
| ૨૪ | સુરત | દર્શના જરદોશ | અશોક અધેવાડ |
| ૨૫ | નવસારી | સી.આર. પાટીલ | ધર્મેશ પટેલ |
| ૧૬ | વલસાડ | ડૉ. કે.સી. પટેલ | જીતુ ચૌધરી |

## રાહુલ પ્રિયંકા ગુજરાત આવશે અંબાજી અને સોમનાથના દર્શન કરશે

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીના ઉમેદવારોની પસંદગી અને ઉમેદવારી પછી કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધી અને કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી ગુજરાતની મુલાકાતે આવવાના છે. તેમનો કાર્યક્રમ આ મહિનાના બીજા સપ્તાહમાં બની રહ્યો છે.

રાહુલ ગાંધી ગુજરાતમાં પાંચ રેલી અને જાહેર સભા સંબોધશે જ્યારે પ્રિયંકા ગાંધી પણ ગુજરાતમાં ચૂંટણી પ્રચાર માટે આવી રહ્યાં છે. તેઓ ક્યાં જશે તે હજી નિશ્ચિત નથી પરંતુ રાહુલ અને પ્રિયંકા ગુજરાતમાં અંબાજી અને સોમનાથ મંદિરના દર્શન કરવા જવાના છે. એ જોતાં એવું લાગે છે કે બન્ને ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ચૂંટણી સભાઓ કરે તેવી સંભાવના છે. પ્રિયંકા ગાંધી દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં પણ ચૂંટણી સભા કરી શકે છે.

ગુજરાતમાં જ્યારે વિધાનસભાની ચૂંટણી હતી ત્યારે રાહુલ ગાંધી જ્યારે ગુજરાતના ચૂંટણી પ્રવાસે આવ્યા હતા ત્યારે જે તે વિસ્તારના મુખ્ય મંદિરની તેમણે મુલાકાત લઈને દર્શન કર્યા છે. આ વખતે પણ રાહુલ ગાંધી ગુજરાતના બે મુખ્ય મંદિરોમાં દર્શન કરે તેમ મનાય છે. ગુજરાતમાં કોંગ્રેસ વર્કિંગ કમિટિની બેઠક હતી ત્યારે ઉપસ્થિત રહેલાં પ્રિયંકા ગાંધીએ ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં પ્રચાર સભાઓ કરી રોડ શો કરવાની તૈયારી બતાવી હતી.

બીજી તરફ ભાજપના રાષ્ટ્રીય નેતાઓ પણ ગુજરાતમાં ચૂંટણી સભા કરવા આવવાના છે. ભાજપના સ્ટાર પ્રચારકોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું નામ પહેલું આવે છે. તેઓ ગુજરાતમાં ૧૦ થી ૧૨ સભાઓ કરી શકે છે.

## રાજ્યમાં ૧૩ ધારાસભ્ય લોકસભાની ચૂંટણી લડે છે, માત્ર ૭ મહિલા

ગાંધીનગર, તા. ૪

ગુજરાતમાં કુલ ૧૩ ધારાસભ્યો લોકસભાની ચૂંટણી લડી રહ્યાં છે. આશ્ચર્યજનક બાબત એવી છે કે સંસદ અને વિધાનસભામાં ૩૩ ટકા અને ૫૦ ટકા મહિલા અનામતની દુહાઈ આપનારી બન્ને પાર્ટી-- ભાજપ અને કોંગ્રેસે મહિલા ઉમેદવારો પ્રત્યે ઉપેક્ષા રાખી છે. ભાજપે ૬ મહિલાને તેમજ કોગ્રેસે એક મહિલાને ટિકીટ આપી છે.

ભાજપે તેના ૨૬ ઉમેદવારો જાહેર કરી દીધા છે જેમાં ચાર ધાસાસભ્યોને ટિકીટ આપી છે જ્યારે કોંગ્રેસે પણ ૨૬ ઉમેદવારો જાહેર કર્યા છે જેમાં ૯ ધારાસભ્યોને ટિકીટ આપવામાં આવી છે. ભાજપે તેના વર્તમાન સાંસદો પૈકી ૧૦ ને રિપીટ કર્યા નથી. પાર્ટીએ નવા ચહેરાને તક આપી છે. ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે કોંગ્રેસે દાહોદમાંથી બાબુ કટારાને તેમજ ભરૂતમાંથી શેરખાન અબ્દુલ પઠાણને ટિકીટ આપી છે.

ઉમેદવારી પત્ર ભરવાના આખરી દિવસે બન્ને પાર્ટીઓએ તેમના તમામ ઉમેદવારો નક્કી કર્યા છે, ભરૂચની બેઠક પર બીટીપીના ધારાસભ્ય છોટુ વસાવાએ ઉમેદવારી કરતાં કોંગ્રેસની સ્થિતિ કમજોર બની છે. આ બેઠક પર કોંગ્રેસે છોટુ વસાવા સામે તેનો મુસ્લિમ ઉમેદવાર જાહેર કર્યો છે જેથી કોંગ્રેસના મતોમાં વિભાજન થતાં ભાજપને આ બેઠકમાં મોટો ફાયદો મળી શકે તેમ છે.

રાજ્યમાં લોકસભાની ટિકીટ નહીં મળવાના કારણે ભાજપની ૧૦ બેઠકો તેમજ કોંગ્રેસની ૧૨ બેઠકો પર નારાજગી જોવા મળી રહી છે. ભાજપે તેના ૧૬ સાંસદોને રિપીટ કર્યા છે. ભાજપે કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરી, લીલાધર વાઘેલા, જયશ્રી પટેલ, લાલકૃષ્ણ અડવાણી, પરેશ રાવલ, દેવજી ફતેપરા, વિઠ્ઠલ રાદડિયા, દિલીપ પટેલ, પ્રભાતસિંહ ચૌહાણ અને રામસિંહ રાઠવાની ટિકીટ કાપી છે.

કોંગ્રેસના ઉમેદવારોના વિશ્લેષણમાં પાર્ટીએ જૂના સાથીદારોને ટિકીટ આપી છે. નવા ચહેરા ખૂબ ઓછા જોવા મળ્યા છે. બે પૂર્વ કેન્દ્રીય મંત્રીઓ ભરતસિંહ સોલંકી અને તુષાર ચૌધરીને ટિકીટ મળી છે. કોંગ્રેસે પાટણ બેઠક પર પૂર્વ સાંસદને ટિકીટ આપી છે. ભાજપમાંથી આવેલા પૂર્વ મંત્રી બિમલ શાહને કોંગ્રેસે ખેડા લોકસભા બેઠકના ઉમેદવાર બનાવ્યા છે, જેઓ અગાઉની ચૂંટણીઓ હારી ચૂક્યાં છે. પાર્ટીએ ૫૦ ટકા ઉમેદવારો એવા પસંદ કર્યા છે કે જેઓ અગાઉની ચૂંટણીઓ હારી ચૂક્યાં છે. કોંગ્રેસને સિટી વિસ્તાર એટલે કે અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં જાણીતા ચહેરા મળ્યા નથી.

## સે-૩ ન્યુમાં રોડ વચ્ચે ગટર ચેમ્બરનુ લેવલીંગ કરવા માટે રજુઆત

ગાંધીનગરમાં માર્ગ સુધારણાની કામગીરી દરમિયાન યોગ્ય લેવલીંગના અભાવે અનેક પ્રશ્નો ઉદભવે છે . જયારે માર્ગ સુધારણા દરમિયાન ગટર લાઈનનુ પણ લેવલીંગ ખોરવાઈ જતા હાલ નવા સેકટરોમાં કેટલાક ઠેકાણે ગટર લાઈનના ઢાંકણ ઉંચા થઈ જતા માર્ગ સલામતી પણ જોખમાઈ છે. આ મામલે સ્થાનિકો દ્વારા કાર્યપાલક ઈજનેરને રજુઆત કરવામાં આવી હતી. જયારે પાટનગર યોજના ભવનના ડિવીઝન ૩ ના કાર્યપાલક ઈજનેરે આ કામગીરી હાથ ધરવા માટે પણ સ્થાનિકોને ખાત્રી આપી છે. આગામી દિવસોમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી કામ હાથ ધરાશે.

શહેરમાં માર્ગ સુધારણાની કામગીરીના અંતે ઘણીવાર માર્ગો પર લેવલીંગ ન જળવાતા માર્ગની હાલત વધુ ખરાબ થાય છે જયારે માર્ગ પરથી પસાર થતી ગટર લાઈન તેમજ સ્ટોર્મ વોટર લાઈન સહીતની યુટીલીટી લાઈનની પણ દરકાર ન લેવાતા અનેક પ્રશ્નો ઉદભવે છે. અગાઉ પણ અનેક ખોદકામ દરમિયાન કેબલો કટ ઓફ થતા ટેલીફોન તેમજ વિજ સેવા ખોરવાઈ હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી હતી. જયારે નવા સેકટરોમાં અગાઉ માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી હતી તે દરમિયાન માર્ગ પરની ગટર લાઈનના ઢાંકણો રોડને સમાંતર રહેવાના બદલે ઉંચા આવી જતા વાહનચાલકો માટે ભયજનક સ્થિતિનુ નિર્માણ થયુ છે. જેના લીધે રાહદારીઓ પણ અકસ્માતનો ભોગ બને છે. આ સ્થિતિ નિવારવા માટે સ્થાનિક અગ્રણીઓ દ્વારા પાટનગર યોજના ભવનના કાર્યપાલક ઈજનેર સમક્ષ રજુઆત પણ કરવામાં આવી છે. જયારે સ્થાનિકોની આ રજુઆતના અંતે પાટનગર યોજના ભવન ડિવીઝન ૩ ના કાર્યપાલક ઈજનેરે તેમને આ સમસ્યાનુ નિરાકરણ આવે તે માટે કામગીરી હાથ ધરવાની ખાત્રી પણ આપી છે. આગામી દિવસોમાં ગટર લાઈનને માર્ગને સમાંતર કરવા માટે ટેન્ડર પ્રક્રીયાના અંતે કામ હાથ ધરાશે.

### હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




## આર.ટી.ઓ. તંત્રએ ચૂંટણીને અનુલક્ષી ૧૫૦ સરકારી વાહનો હાયર કર્યા

ગાંધીનગર તા ૪

લોકસભાની ચુંટણી કામગીરી જોરશોરમાં ચાલી રહી છે. રાજકીય પક્ષો ઉમેદવારી આખરી થતા પ્રચાર ઝુંબેશમાં વ્યસ્ત બની ગયા છે. નગરના સેકટચરોમાં પણ પ્રચાર ઝુંબેશ આરંભી દેવામાં આવી છે. બીજીતરફ તંત્ર પણ જરૂરી ચુંટણી કાર્યવાહીમાં જોતરાયેલુ છે. ચુંટણી માટે વિવિધ કામગીરીને અનુલક્ષી અધિકારીઓને ફરજ સોંપી દેવામાં આવી છે. આર ટી ઓ તંત્ર દ્વારા પણ વાહનો હાયર કરવાની પ્રકીયા આરંભી દેવામાં આવી છે. આર ટી ઓ કચેરી દ્વારા આ કામગીરી અન્વયે અત્યાર સુધી ૧૫૦ જેટલા વાહનો હાયર કરાયા છે.

આગામી લોકસભાની ચુંટણીને અનુલક્ષી રાજકીય પક્ષો પ્રચાર ઝુંબેશમા લાગી ગયા છે. જયારે લોકસભાના પ્રતિષ્ઠાભર્યા ચુંટણી જંગમાં રાજકીય પક્ષોમાં ઉમેદવારી આખરી થયા બાદ રાજકીય ઉત્તેજના પ્રબળ બની છે. બીજીતરફ ચુંટણી લક્ષી તૈયારીમાં પણ તંત્ર વ્યસ્ત છે. ચુંટણીના પ્રચાર પડઘમ સાથે વહીવટી તંત્ર માટે પણ હવે ચુંટણી નજીકમાં હોવાથી જરૂરી તૈયારીઓ તરફ તંત્રનુ ધ્યાન વિશેષ કેન્દ્રીત થયુ છે. આર ટી ઓ કચેરી દ્વારા ચુંટણી કાર્યવાહી માટે ૧૫૦ જેટલા વાહનો હાયર કરાયા છે. આર ટી ઓ તંત્ર દ્વારા સરકારના વિવિધ વિભાગોમાંથી આ વાહનો હાયર કરાયા છે. જેમાં બિન ઉપયોગી રહેતા વાહનોનો પણ સમાવેશ થાય છે.આગામી દિવસોમાં આર ટી ઓ તંત્ર દ્વારા ખાનગી વાહનો પણ હાયર કરાશે. આર ટી ઓ કચેરી દ્વારા આ વાહનો હાયર કરીને જિલ્લા કલેકટરને વાહનો સોંપી દેવાયા હતા. સર્વેલન્સ તેમજ વિજીલન્સ સહીતની વિભાગોને કામગીરી માટે સુપ્રત કરાયા છે. જયારે હજુ પણ જિલ્લામાંથી ખાનગી વાહનો પણ ચુંટણી કાર્યવાહી માટે કબજે લેવાશે.

## સટ્ટાબજારનું આંકલન એર સ્ટ્રાઈક પછી ભાજપની સ્થિતિ સુધરી છે

ગાંધીનગર, તા. ૪

દેશમાં ભાજપ સિંગલ લાર્જેસ્ટ પાર્ટી બનશે તેવું ગુજરાતનું સટ્ટાબજાર અનુમાન કરે છે પરંતુ એનડીએ પણ સત્તામાં આવે તેવી ધારણા રાખે છે. પાકિસ્તાનના ત્રાસવાદી છાવણીઓ ઉપર એર સ્ટ્રાઈક કરવાથી ભાજપને ફાયદો થયો છે પરંતુ કોંગ્રેસ અને અન્ય પાર્ટીઓના ગઢબંધનને જોતાં એનડીએ સરકાર બનાવવામાં મુશ્કેલી પડી શકે છે તેવું સટ્ટાબજાર માને છે.

નવ દિવસ પછી પ્રથમ તબક્કાનું મતદાન યોજાઈ રહ્યું છે ત્યારે ક્યા પક્ષને કેટલી બેઠકો મળશે તેની ઉપર સટ્ટો રમવામાં આવી રહ્યો છે. અમદાવાદ અને ઉત્તર ગુજરાતમાં સટ્ટાબજારના માસ્ટર્સ બેઠકો ઉપર દાવ લગાવી રહ્યાં છે. પોલીસની સતર્કતા છતાં પ્રત્યેક ચૂંટણીમાં સટ્ટાબજારમાં અબજો રૂપિયાની હેરાફેરી થાય છે છતાં રાજકીય પાર્ટીઓ સટ્ટાબજારના આંકડાને વધારે મહત્વ આપે છે.

સટ્ટાબજારના ખેલાડીઓએ એર સ્ટ્રાઈક પહેલાં ભાજપ અને એનડીએની હાલત અત્યંત ખરાબ હોવાનું અનુમાન લગાવ્યું હતું. આ ખેલાડીઓએ ભાજપ-એનડીએને ૧૮૦ થી ૨૦૦ બેઠકો મળશે તેવું અનુમાન લગાવ્યું હતું પરંતુ એર સ્ટ્રાઈક પછી આ બેઠકોની સંખ્યા ૨૪૦ થી ૨૬૦ દર્શાવવામાં આવે છે. હાલની સ્થિતિએ ભાજપ પ્રેરિત એનડીએને ૨૮૦ થી ૩૦૦ બેઠકો મળશે તેવું અનુમાન લગાવાઈ રહ્યું છે. આ બેઠકો ઉપર ભાજપનો ભાવ બે રૂપિયા લગાવાઈ રહ્યો છે.




પીઓકેમાં એરસ્ટ્રાઈક પહેલાં કોંગ્રેસને ૧૬૦ થી ૧૯૦ બેઠકો મળવાની ચર્ચા હતી અને કોંગ્રેસની બેઠકો પર સાત રૂપિયાનો ભાવ હતો. હવે કોંગ્રેસની બેઠકનો ભાવ ૧૦ રૂપિયા થયો છે. જો કે કોંગ્રેસ પ્રેરિત યુપીએને કેટલી બેઠકો મળશે તેની ઉપર સટ્ટાબજારે હજી સુધી કોઈ ભાવ આપ્યો નથી.

સામાન્ય રીતે લોકસભાની ચૂંટણી પર અબજો રૂપિયાનો સટ્ટો રમવામાં ગુજરાત ઉપરાંત મુંબઈ, રાજસ્થાન અને મધ્યપ્રદેશ મોખરે છે. સટ્ટાબજાર માને છે કે ભાજપે વડાપ્રધાનના દાવેદાર તરીકે નરેન્દ્ર મોદીને ઉભી રાખ્યા છે પરંતુ કોંગ્રેસે વડાપ્રધાનના ઉમેદવાર નક્કી કર્યા નથી. જો કોંગ્રેસ કે યુપીએ વડાપ્રધાનના ઉમેદવાર જાહેર કરે તો યુપીએને વધુ બેઠકો મળવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

કોંગ્રેસે જાહેર કરેલા મેનીફેસ્ટો પછી બેઠકો થોડી વધી રહી છે પરંતુ ભાજપનો મેનીફેસ્ટો હજી બાકી છે. બન્ને પાર્ટીના મેનીફેસ્ટોમાં જે બાબતો સમાવવામાં આવી હશે તેના આધારે સટ્ટાબજાર નવા ભાવ નક્કી કરી શકે છે. જો કે સટ્ટાબજારના ભાવમાં વધ-ઘટ થતી રહે છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ગુજરાતમાં સટ્ટાબજારમાં જે ભાવ ચાલતા હતા તે પ્રમાણે એનડીએને બહુમત મળવાની ધારણા હતી તે સાચી પડી છે.

ગુજરાતની ૨૬ બેઠકો પૈકી સટ્ટાબજાર કોંગ્રેસને પાંચ થી સાત બેઠકો આપે છે પરંતુ ચૂંટણી આવતા સુધીમાં પરિસ્થિતિ બદલાઈ શકે છે તેવું પણ અનુમાન વ્યક્ત કરવામાં આવી રહ્યું છે. ઉમેદવારોની સંપૂર્ણ જાહેરાત અને ચૂંટણીના માહોલને જોતાં સટ્ટાબજાર માને છે કે આ બેઠકોમાં મોટા ફેરફારો આવી શકે છે.

## લડ્યો હોત તો એક જગ્યાએ નડત, હવે ૨૬ જગ્યાએ નડીશ : હાર્દિક પટેલ

ગુજરાત કોંગ્રેસના યુવા નેતા હાર્દિક પટેલે કહ્યું છે કે ભાજપની વિજય રૂપાણીની સરકારે મને લોકસભાની ચૂંટણી લડતા અટકાવ્યો છે. આ સરકારે અદાલતમાં દલીલો કરીને મને લોકસભાથી દૂર રાખ્યો છે પરંતુ હું ભાજપના નેતાઓને કહેવા માગું છું કે જો હું લોકસભાની ચૂંટણી લડ્યો હોત તો એક જ જગ્યાએ નડ્યો હોત પરંતુ હવે ભાજપને હું ૨૬ જગ્યાએ નડીશ.

હાર્દિક પટેલે કહ્યું કે મેં રાજ્યની ૨૬ લોકસભા બેઠકો પર ભાજપ વિરોધી સાચો પ્રચાર શરૂ કર્યો છે. આ ચૂંટણી કોઈ પાર્ટી કે વ્યક્તિની નહીં પણ ખેડૂતોની આત્મહત્યા રોકવાની, ટેકાના ભાવ મળે તે માટે તેમજ યુવાનોને શિક્ષણ તેમજ રોજગારી મળે તે માટેની છે. ગુજરાતમાં ત્રણ લાખ સરકારી નોકરીના પદ ખાલી છે તેને કોંગ્રેસની સરકાર ભરશે. હાર્દિક પટેલે ભાજપની કેન્દ્ર અને રાજ્ય સરકાર પર પ્રહાર કર્યા હતા.



ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીના પાકિસ્તાનના નિવેદન સામે હાર્દિક પટેલે કહ્યું કે રૂપાણી તો મેઈન ઈન બર્મા છે. તેઓ કોંગ્રેસને પાકિસ્તાની કહીને ગુજરાતનું અપમાન કરી રહ્યાં છે. આ પાર્ટી સ્વાતંત્ર્ય સેનાનીઓની પાર્ટી છે. આ પાર્ટીમાં જોડાવાના મારા અનેક કારણો છે.

પોરબંદરમાં તેના સાથી મિત્ર લલીત વસોયાની એક જાહેર સભામાં હાર્દિક પટેલે ભાજપને પડકાર ફેંક્યો હતો કે હવે હું હવે ભાજપને વિજયી બનતાં અટકાવવાનો પ્રયાસ કરીશ. તેણે કોંગ્રેસમાં જોડાવાના કારણો આપ્યાં હતા. તેણે કહ્યું કે આ પાર્ટી ગાંધીજી, સુભાષચંદ્ર, સરદાર અને નહેરૂની પાર્ટી છે તેથી મને જોડાવાનું બળ મળ્યું છે. મારો જન્મ કોંગ્રેસે બનાવેલી હોસ્પિટલમાં થયો છે અને મારૂં શિક્ષણ કોંગ્રેસે બનાવેલી સ્કૂલમાં થયું છે. હું જો ભાજપમાં જોડાયો હોત તો મારી સામેના બધાં કેસ પાછા ખેંચી લીધા હોત પરંતું તે પાર્ટીમાં હું ખુરશીઓ સાફ કરતો હોત.

હાર્દિક પટેલે ગુજરાતની ૨૬ લોકસભા બેઠકો પર પ્રચાર કરવાનો શરૂ કરી દીધો છે. કોંગ્રેસના મોવડીમંડળે પણ પાર્ટીના સ્ટાર પ્રચારકોની યાદીમાં હાર્દિક પટેલનો સમાવેશ કર્યો છે. એક બાબત હકીકત બની છે કે કોંગ્રેસના જેટલા પ્રદેશ નેતાઓ છે તેના કરતાં હાર્દિક પટેલની કોંગ્રેસને મદદ કરતી દલીલો લોકોને અસર કરે છે. તેની સામે પ્રવચનોમાં કોંગ્રેસના સ્થાનિક નેતાઓ વામણા પુરવાર થઈ રહ્યાં છે.

## જામનગરના ઉમેદવાર પુનમ માડમની સંપત્તિમાં પાંચ વર્ષમાં ૧૦૦ ગણો વધારો

ગુજરાતમાં રાજકીય નેતાઓની સંપત્તિમાં પ્રત્યેક પાંચ વર્ષમાં વધારો થાય છે. કોઈપણ રાજનેતાની સંપત્તિમાં ઘટાડો થયો હોવાનું જણાયું નથી. જામનગર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુનમ માડમની સંપત્તિમાં પણ વધારો થયો છે. તેમની સંપત્તિનો આંકડો ૧૭.૪૦ કરોડ અને તેમના પતિની સંપત્તિનો આંકડો ૩૯.૨૭ કરોડ થયો છે.

પુનમ માડમની સંપત્તિ ૨૦૧૪માં ૧૧.૯૫ કરોડ અને તેમના પતિની સંપત્તિ ૯.૯૨ કરોડ હતી જેમાં અમર્યાદ વધારો થયો છે. આ બન્ને સંપત્તિ એફિડેવીટમાં જણાવવામાં આવી છે. સર્વેક્ષણ પ્રમાણે પુનમ માડમની સંપત્તિમાં ૧૦૦ ટકાનો વધારો જણાયો છે.

પુનમ માડમે રજૂ કરેલા ૨૦૧૨-૧૩ના ઈન્કમટેક્સના



રિટર્નની વિગતો પ્રમાણે તેમણે ૧.૩૨ કરોડનું અને તેમના પતિ પરમીંદર કુમારે ૪૩.૮૧ લાખનું રિટર્ન ભર્યું હતું. છેલ્લા રિર્ટન પ્રમાણે પુનમ માડમ અને તેમના પતિના ઈન્કમટેક્સના રિર્ટનની રકમ વધી ગઈ છે. પુનમ માડમની એફિડેવીટ પ્રમાણે શેર, ભાગીદારી પેઢી અને પોલીસીની આવક તેમજ રોકાણોમાં ૫.૧૮ કરોડ અને તેમના પતિના નામે ૬.૪૯ કરોડ રૂપિયા છે.

મોટર વાહન અને દાગીનાની રકમ ૨.૮૬ કરોડ થાય છે, જે પાછલી એફિડેવીટમાં ૧.૬૨ કરોડના હતા. પુનમ માડમની બેન્ક લોન અને જવાબદારી ૫.૫૭ કરોજ અને તેમના પતિની જવાબદારી ૨.૯૯ કરોડ દર્શાવવામાં આવી છે. જામનગરના ઉમેદવારની કુલ સ્થાવર મિલકતોની રકમ ૨૬.૯૭ કરોડ અને તેમના પતિની સ્થાવર મિલકતોની રકમ ૧૨.૨૯ કરોડ થાય છે.